# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ પૂર્વે 12 હજાર 908 ઉદ્યોગકારોને 1432 કરોડની સહાય ચૂકવાઈ.**
2. **રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન 16.35 લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં નામાંકન કરાવ્યું.**
3. **આજે આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ – ગુજરાત પોલીસે પાંચ વર્ષમાં 13 હજાર 600 કરોડના માદક પદાર્થો ઝડપ્યા.**
4. **અમદાવાદને ભિક્ષુક મુક્ત બનાવવાના ઉદેશ્યથી શહેરના 100થી વધુ સ્થળોએથી ત્રણ દિવસમાં 244 લોકોનું રેસક્યું કરાયું.**
5. **અમદાવાદમાં ચાલી રહેલી AVC કપમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 3-0થી પરાજય આપ્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# VGRS VADODRA

વડોદરામાં યોજાનારી મધ્ય ગુજરાતની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ પૂર્વે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુક્ષ્મ, લઘુ અને મધ્યક કક્ષાના નવ હજાર 171 સહિત કુલ 12 હજાર 908 ઉદ્યોગકારોને **1432.41** કરોડ રૂપિયાની સહાય ચૂકવી હતી. વાઇબ્રન્ટ ગુજરાતની આ ચોથી રિજનલ સમિટ સંદર્ભે ઉદ્યોગકારોના વિવિધ સંગઠનો અને પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવીન ઉદ્યોગ નીતિથી દેશ-વિદેશના ઉદ્યોગોનું ગુજરાત તરફ આકર્ષણ વધી રહ્યું છે. રાજ્યમાં નવીનત્તમ ઉદ્યોગો આવી રહ્યા છે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, ઔદ્યોગિક વિસ્તાર, ઉદ્યોગકારોના પ્રશ્નોનું નિરાકરણ પણ સતત લાવવામાં આવે છે. આ માટે સતત કામ ચાલી રહ્યું છે. આવા પ્રશ્નો હોય તો મુદ્દાસર રીતે આપી શકાય છે. મહેસાણામાં 905 કરોડ, રાજકોટમાં 956 કરોડ, સુરતમાં 1344 કરોડની સહાયનું વિતરણ ઉદ્યોગકારોમાં કરવામાં આવ્યું છે. આ ત્રણે પ્રાંત કરતા વડોદરામાં સૌથી વધુ 1432 કરોડનું વિતરણ થયું એ વડોદરામાં ઔદ્યોગિક વિકાસને દર્શાવે છે તેમણે ઉમેર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન **MSME** વિભાગ હેઠળ નવ હજાર 171 લાભાર્થીઓને 402.58 કરોડ, ટેક્સટાઇલ યોજના હેઠળ ત્રણ હજાર 490 લાભાર્થીઓને 471.62 કરોડ, લાર્જ ઇન્ડસ્ટ્રીઝ હેઠળ 213 લાભાર્થીઓને 523.15 કરોડ, અન્ય વિવિધ યોજના હેઠળ 34 લાભાર્થીઓને 35.06 કરોડ રૂપિયાની સહાય – આપવામાં આવી હતી.

# PRAVESHOTSAV

રાજ્યમાં ત્રણ દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું ગઇકાલે સમાપન થયું. આ ત્રણ દિવસ દરમિયાન રાજયભરમાથી 16.35 લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં નામાંકન કરાવ્યું. રાજ્યભરમાંથી દાતાઓ દ્વારા રોકડ અને વસ્તુ સ્વરૂપે કુલ 28.97 કરોડથી વધુનું દાન મળ્યું. આ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા **999** જેટલી શાળાઓમાં નવીન પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કૃષિ અને પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ મહોત્સવના ત્રીજા દિવસે ભાવનગરમાં એ.કે. મોરડીયા હાઇસ્કુલ ખાતે રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા પ્રેરિત “સંસ્કૃત કક્ષ”નું ઉદ્ઘાટન કર્યું હતું.

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને અમરેલીના કોલડા ખાતે એક કરોડથી વધુના ખર્ચે સરકારી પ્રાથમિક શાળાના ભવનનું લોકાર્પણ કરાયું.

સુરેન્દ્રનગરના પાટડી તાલુકાને "રણ શાળા" તરીકે ફાળવેલી **20** બસો પૈકી છ બસ આવી પહોચતા તેનું સ્વાગત કરાયું હતું. તો પાટણમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં બાળકોનો શાળા પ્રવેશોત્સવ યોજાયો. છોટાઉદેપુરના શિથોલમાં શ્રી શાસ્ત્રી વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપી તેમને શાળામાં પ્રવેશ અપાયો.

# INTERNATIONAL ANTI-DRUG DAY

૨૬મી જૂન એટલે કે 'આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ'. ગુજરાત પોલીસે પાંચ વર્ષમાં **13** હજાર **600** કરોડ રૂપિયાનો માદક પદાર્થ ઝડપ્યો છે. રાજ્યમાં નશાના કારોબારને ડામવામાં કરવામાં આવેલી છેલ્લા પાંચ વર્ષની વિગતો આપતા રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ડ્રગ્સ માફિયાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ કડકાઈથી અમલી બનાવી છે.

## BYTE: G. S. MALIK STATE POLICE CHIEF

ઉલ્લેખનીય છે કે, માદક દ્રવ્યોના નેટવર્કને ખુલ્લા પાડનારા પોલીસ અધિકારી, કર્મચારીઓ તેમજ બાતમીદારોને આર્થિક પ્રોત્સાહન આપવા ‘ડ્રગ રિવોર્ડ પોલિસી’ અમલી બનાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

તેમજ ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય તાર અને સપ્લાય ચેઈનને તોડવા ખાસ 'એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ' કાર્યરત કરવામાં આવી છે. એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા આજે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ' નિમિતે એક સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું છે.

## GOVERNOR –PM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગઇકાલે નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન

ગુજરાતમાં ચાલતા વિવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણકારી કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

રાજ્યપાલએ પ્રધાનમંત્રીને ગુજરાતમા પ્રાકૃતિક કૃષિના વ્યાપ અને તેના પરિણામો વિશે માહિતગાર કર્યા હતા. મુલાકાત દરમિયાન રાજ્યપાલ દ્વારા ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમો અંગે પણ ચર્ચા થઈ હતી.

## SUBHASH BRIGDE

અમદાવાદના સુભાષ બ્રિજનું પુનઃનિર્માણ આધુનિક ધોરણો અને આગામી **100** વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે.

**AMC**ના ઈન્ચાર્જ સિટી એન્જિનિયર ઋષિ પંડ્યાએ જણાવ્યું કે, **IIT** રૂડકી, **IIT** ગાંધીનગર અને બ્રિજ નિષ્ણાતોના અભિપ્રાય બાદ બ્રિજના પીયરને સંપૂર્ણપણે બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી લાંબા ગાળાની સુરક્ષા, ટકાઉપણું અને વધુ સુગમ વાહનવ્યવહાર સુનિશ્ચિત થઈ શકે.

**BYTE: RISHI PANDYA, CITY ENGINEER IN CHARGE, AMC**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

..................................

## JAMNAGAR – PANSERIYA

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન હોસ્પિટલની આરોગ્ય વિષયક સુવિધાઓને વધુ સુદ્રઢ, આધુનિક અને લોકાભિમુખ બનાવવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.વિજય પોપટ અને ડીન ડો.નંદીની દેસાઈ દ્વારા હોસ્પિટલની સમગ્રતયા કામગીરી રજૂ કરાઈ હતી. આ સાથે જ ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ અને વિવિધ વિભાગોની કાર્યપ્રણાલી વિશે પણ વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી.

મંત્રીએ વિવિધ વિભાગના વડાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી વહીવટી અને માળખાકીય માંગણીઓને ખૂબ જ હકારાત્મક રીતે સાંભળીને તેને સત્વરે પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

## AHMEDABAD - BEGGAR-FREE CAMPAIGN

અમદાવાદને ભિક્ષુક મુક્ત બનાવવાના ઉદેશ્યથી શહેરના 100થી વધુ સ્થળોએથી ત્રણ દિવસમાં 244 લોકોનું રેસક્યું કરાયું. આ વિશેષ ઝુંબેશ મનપા, પોલીસ અને સમાજ સુરક્ષા વિભાગના સંયુક્ત ઉપક્રમે હાથ ધરાઇ હતી.

રેસક્યું કરાયેલા 84 પુરુષો અને 66 મહિલાઓને ભિક્ષુક ગૃહમાં જ્યારે 94 બાળકોને બાળ સરક્ષણ ગૃહ મોકલવામાં આવ્યા હતા. જેમાથી 22 બાળકોનો શાળા પ્રવેશ પણ કરવાયો હતો.

## RAJKOT – CHILD LABOR RESCUE

રાજકોટ જિલ્લા બાળ શ્રમિક ટાસ્ક ફોર્સે જેતપુર તાલુકાના વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં દરોડા પાડી 24 બાળ શ્રમિક તથા એક તરુણ શ્રમિકને શ્રમકાર્યમાંથી મુક્ત કરાવ્યા. ગઇકાલે જેતપુરના ઔદ્યોગિક એકમોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. બાળ મજૂરી કરાવતા ત્રણ એકમના માલિકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## SURAT FRAUD

સુરતમાં ફિલ્મ હસ્તીઓના કાર્યક્રમના ખોટા વચન આપી એક વ્યક્તિ સાથે એક કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવામાં આવી છે. આ મામલે એક આરોપીની ધરપકડ પણ કરવામાં આવી છે.

તેણે અરિજિત સિંહ અને નોરા ફતેહી કાર્યક્રમના ખોટા વચન પર સુરતના રહીશ એક કરોડ 41 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું DCP લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું.

**BYTE: LAKHDHIR SINGH ZALA, DCP**

# MOHRAM

આજે રાજ્યભરમાં મોહરમ નિમિતે તાજિયાંનું જુલૂસ નીકળશે. અમદાવાદમાં પણ જુમ્માની નમાજ બાદ સાંજે 4 વાગે જમાલપુરથી શરૂ થનાર જુલૂસમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ 93 મોટા તાજિયા જોડાશે, જેમાં આ વર્ષે 30 નવા તાજિયા ખાસ આકર્ષણ બનશે.

તાજિયા કમિટીના ચેરમેન પરવેઝ જે. વી. મોમીને કહ્યું કે, જુલૂસને લઈ અમદાવાદ પોલીસ કમિશનર કાર્યાલય ખાતે પોલીસ, એએમસી અને તાજિયા કમિટી વચ્ચે સંકલન બેઠક યોજાઈ હતી. સુરક્ષા, ટ્રાફિક અને જુલૂસના રૂટ સહિતની વ્યવસ્થાની સમીક્ષા બાદ જરૂરી મંજૂરી આપવામાં આવી છે.

શહેરમાં 63 તાજિયા, 20 અખાડા, 18 હોલતાલસા, 20 લાઇવ સ્પીકર, 14 અલમ નિશાન પાર્ટીઓ, 10 માતમી દસ્તા, 24 ટ્રક અને 10 ઊંટગાડીઓ પણ જુલૂસમાં જોડાશે. જુલૂસ પૂર્ણ થયા બાદ ખાનપુર રિવરફ્રન્ટ પાસે બનાવાયેલા વિશેષ કુંડમાં માનતાના ચાર હજારથી વધુ તાજિયાને પરંપરાગત રીતે ઠંડા કરવામાં આવશે.

# WEATHER

રાજયમાં આગામી છ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર સિવાયના જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વડા ડૉ. એ કે દાસે જણાવ્યુ હતું.

## BYTE: A.K.DAS, IMD

આગામી ત્રણથી ચાર દિવસમાં ચોમાસું ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશના અન્ય ભાગોમાં આગળ વધશે. દરમિયાન રાજ્યનાં વિવિધ વિસ્તારોમાં ગઇકાલે વરસાદ નોંધાયો. મહીસાગરના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા વીજ પુરવઠો ઠપ થયો હતો. બોટાદના બરવાળા સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.

# AVC-DAY-5

અમદાવાદમાં ચાલી રહેલી પુરુષોની વોલીબોલ સ્પર્ધા **AVC** કપ-**2026**માં ભારતે ઓસ્ટ્રેલિયાને સીધા સેટમાં **3-0**થી પરાજય આપ્યો. મેચના પહેલા બે સેટમાં ભારતે સરસાઈ મેળવી લીધી. રોમાંચક ત્રીજા સેટમાં ઓસ્ટ્રેલિયાએ જોરદાર પડકાર આપ્યો.

**જોકે નિર્ણાયક ક્ષણોમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર રમતનું પ્રદર્શન કરતાં 30- 28થી સેટ જીતી લીધો. આ પાંચમી જીત સાથે ભારતીય ટીમે પૂલ-Aમાં 15 પોઈન્ટ સાથે અપરાજિત રહી ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.**

**-----------------------------------------------**